ૐ

તત્-સત્

# સુધરેલી સુંદરગૌરી

અને

# ફેશનમાં ફસાએલો ફતેહલાલ,

( એક અત્યંત આનંદદાયક ઉપન્યાસ. )

આ વીસમી સદીના વિશાળ સુધારાની ઇસ્વી સન ૧૯૧૩ ની જાન્યુઆરી માસની પહેલી તારીખનો રોજ મહાન આનંદી તહેવાર હોવાથી મુલ્ક મશહૂર અલબેલી મોહમયી મુંબઈ નગરીમાં આનંદ છાઇ રહ્યો હતો, તેમાં પણ ક્રિશ્ચિયન ધર્મોપાસકોના અંતરમાં તો આનંદની રેલમછેલ થઈ રહી હતી. તે પ્રસન્નતા પ્રસારક રોજના સવારના સાડાસાત વાગ્યાના અરસામાં એક નવ યુવાન ભવ્ય ચ્હેરેદાર વાંકડી અને ફાંકડી મુંછવાળો-કોટ-પૅટલુન-નેકટાઇ-કૅપ-સ્ટીક-સ્ટોકીંગ-બૂટ-હૅન્ડકરચીફ અને સોનેરી ફ્રેમના ચશ્મા ધારણ કરેલ પુરૂષ આનંદથી ઉભરાતે દિલડે હૉંગકાંગ ગાર્ડનમાં આમથી તેમ ફરતો હૃદયસમુદ્રની અંદર વિચારતરંગના ભરતીઓટમાં લીન થયેલો હતો.

તેની મુખમુદ્રા અને પોષાકજ તેની વિચારશ્રેણીની વાનગીની પ્રતીતિ આપોઆપજ આપી રહ્યાં હતાં કે તે કોઇ સુખી ઘરનો, ઉંચી કેળવણીની તાલિમ મેળવેલો, ઉચ્ચ કોમનો, છતાં તદ્દન સુધારાનો સેવક અને દરેક પુરાતની આર્યપદ્ધતિનો અનાદર કરનાર હશે. ઘડીકમાં ખીસામાંથી વૉચ કહાડી ટાઈમ જોતો હતો, તો ઘડીકમાં મુંછપર હાથ નાખી તેને શીશોળિયા જેવી બનાવતો હતો, તો ઘડીકમાં ખીસામાંથી પરફ્યુમરી છાંટેલો રૂમાલ કહાડી સુંઘતો તથા તે વડે વા ઉડાવતો હતો, તો ઘડિકમાં ટોપીને આઘીપાછી ખસેડતો હતો, તો ઘડીકમાં માથાપરની ફેશનદાર બાબરીને સુધારતો હતો, તો ઘડીકમાં હાથમાંની સુંદર સોટીથી બૂટને ટહોર મારતો ચાલતો હતો, તો ઘડીકમાં સીટીમાં કવ્વાલીની મજાહ ઉડાવતો હતો, તો ઘડીકમાં માથું ભમર ડોલાવી ગાનના તાનમાં ગુલતાન થઇ સમપર તાલ દેતો હતો, તો ઘડીકમાં કોઈ ફુલઝાડની પાસે થોભી જઇ તે છોડનાં પત્તાં ફૂલ ચૂંટી આનંદ માનતો હતો. અગર તો જરા શ્રમ જેવું માલમ પડવાથી તુરત બેંચપર બેસી જઈ શ્રમને દૂર કરવા ગાયનની ગમ્મતમાં લીન થતો હતો કેઃ—

### ( કવ્વાલી—ગઝલ. )

સુખો સઘળાં સરસ રીતેં, મળ્યાં છે મહા સુધારાથી;  
રૂઢીબંધન બુરાં સર્વે, ટળ્યાં છે મહા સુધારાથી. ૧  
મળી છે છૂટ મનગમતી, સર્વને મહા સુધારાથી;  
નથી મર્યાદતા નડતી, જરાએ મહા સુધારાથી. ૨  
બધે ફેશન રહી છાઇ, અહાહા ! મહા સુધારાથી;

ગમે ના તે વિના કાંઇ, ખરેખર મહા સુધારાથી. ૩
વ્હેમ શ્રદ્ધા ને ભોળાઈ, સડે છે મહા સુધારાથી;
અરેરે ! અંધભક્તાઇ, રડે છે મહા સુધારાથી. ૪
બન્યાં પોથાં બધાં થોથાં, નમાલાં મહા સુધારાથી;
ખાય મૂર્ખાગુરૂ ગોથાં, જ્યાં ને ત્યાં મહા સુધારાથી. ૫
ભણે ઈંગ્રેજી બહુ એની, આબરૂ મહા સુધારાથી;
નકામાં તે વિના તેની, ફજેતી મહા સુધારાથી. ૬
એક આરે પિયે પાણી, અજા સિંહ મહા સુધારાથી;
ખરે આ રાજ્ય સુખખાણી—રહો નિત મહા સુધારાથી. ૭
ફાવે તે ઢંગથી ફરવું, નિડર થઇ મહા સુધારાથી;
રૂચે તે રંગથી કરવું, અડગ રહી મહા સુધારાથી. ૮
પોઝીશન જાળવી પ્યારૂં, વિચરવું મહા સુધારાથી;
ભોગી સુખ ભોગવો સારૂં, અક્કલસહ મહા સુધારાથી. ૯

આ પ્રમાણે ગાયન ગાઇ રહ્યા પછી બેંચ પરથી ઉઠી આનંદમાં લીન થતો તે યુવક જેવો ચોપાટીના રસ્તા તરફ જવા વિચરતો હતો તેવાજ તેને મિ. એચ. સી. ગાંધી, મિ. ભંડારકર, મિ. એન. એમ. ત્રિવેદી અને મિ. એસ. કે. વાડિયા એ ચાર મિત્રો સ્હામા મળ્યા. જેથી તેઓ પરસ્પર આનંદ સાથે સેકહેંડ કરી ફેશનથી હાથ ઝુલાવી ગુડમોર્નીંગ કરી એક બીજાથી મિષ્ટ હાસ્યવિનોદ ચલાવવા લાગ્યા અને તે આનંદ દર્મ્યાન પેલા નવ યુવકે તે પોતાના ચારે હાર્ટફ્રેંડોને આગ્રહ પૂર્વક જણાવ્યું કે— “આજે આનંદસૂર્યોદયનો સમય સ્વાધીન હોવાથી આપણે તાજ

મહાલ હોટલમાં જઈયે અને સાંજ ખાનપાનની મજા ઉડાવિયે. આપણા મકાન અગાડી અંધપરંપરા અને અંધ–શ્રદ્ધાની કેદી બનેલી સ્ત્રીઓ જે દેશી રિવાજ મુજબ રસોઇ કરે છે અને તેહ-વાર સંબંધી હર્ષ પ્રદર્શિત કરે છે; પરંતુ તે સઘળું ખરૂં જોતાં તો અહંબકપણુંજ છે ! માટે સુધરેલી ફેશનેબલ ઢબછબથી બનેલી ચીજોનો આનંદ અનુભવિયે કે જેથી આનંદને અમરત્વ પ્રાપ્ત થાય." આ પ્રમાણે કહી તુરત એ વિકટોરિયાની અંદર તેઓ બધા સ્વાર થઇ તાજમહાલ હોટલનો આનંદ લેવા ચાલ્યા. અને લગભગ અડધા કલાકની અંદર ત્યાં જઇ પહોંચ્યા.

વિકટોરિયામાંથી ઉતરી હોટલમાં દાખલ થયા અને મનપસંદ બેઠક મેળવી ખાનપાન સંબંધી ઓર્ડર કર્યો કે તુરત બ્રાંડીની બોતલ, ગ્લાસ, સુંદર તરકારીની ડીસ, લેમોનેડ, કાંટા, ચમચા, છરી, ટુવાલ, સાબુ વગેરે સઘળી ચીજો હાજર થઇ અને નિયમ મુજબ બ્રાંડીની બોતલ ખોલી પ્યાલી–ગ્લાસ ભરી એક બીજા તરફ ઉપયોગ કરવાનો ક્રમ શરૂ કર્યો, તેમજ ડબલ રોટી તરકારી વગેરેની હકેજત પણ લેવા માંડી. હાસ્યવિનોદ સાથે જમતાં પીતાં જ્યારે દશ પંદર મીનીટ થઇ ત્યારે બ્રાંડીબાઇએ પોતાનો પ્રભાવ બતાવવો શરૂ કર્યો અને તે બધાએ તેણીના પ્રભાવને વશ થતાં મસ્ત યોગીની પેઠે દુનિયાની પરવાહથી વિરકત થઇ હવાઇ વિમાનદ્વારા સ્વર્ગનું ઇંદ્રા-સન ડોલતું નિહાળવા લાગ્યા, તેથી કહેવા લાગ્યા કે—

માય ડીયર ફ્રેંડ ! જેવી રીતે ગંગાજળ પીનારને નિર્મળ કરે છે તેવીજ રીતે આ બ્રાંડીએ પણ ગંગાજળ રૂપ હોઇ પીનારને નીરોગી, બહાદુર અને આનંદનો ભોગી બનાવે છે. શરાબની અં-

દરદ દોસ્તી જોડાવાનો, શોક–શમન કરવાનો, નિડર બનાવવાનો અને કોઠે કોઠે તેમજ નાડિ નાડિમાં હર્ષના દીવા કરવાનો ખાસ ગુણ છે. છતાં હતભાગી વૈષ્ણવો વિગેરે બગભક્તો તેનો નિરાદર કરે છે એ શું ઓછી મૂર્ખાઇ છે ! કહ્યું છે કેઃ—

ચાંડી બીડી બેજ છે, સ્વર્ગ–સુધાનો સ્વાદ;
જે અનુભવ લ્યે એમની, મૉજ રહે આબાદ ! ૧
માંસભોજ્ય સુચિ ભોજ્ય છે, મહા પ્રભુનોજ પ્રસાદ;
આદર દેતાં અંગનાં, પાપ થાય બરબાદ. ૨
પ્રબળ પુણ્ય સંયોગથી, પ્રાપ્ત થાય આ યોગ;
નિર્ભાગી નિંદે સદા, અફળ થવા ઉદ્યોગ ! ૩

મારા વ્હાલા દોસ્તો ! રોજ દાલભાતના કૂચાના કૂચા મારવા એ ખરેખર કંટાળો આપે છે; પરંતુ કરવું શું ! જૂની રૂઢિયો અભાગિયાં ડોસા ને ડોસલીઓ, ગમારશેખર ગુરૂઓ અને અનિષ્ટ ન્યાત જાતની ઉપાધિયો આપણને પગલે પગલે આડે આવે છે. ક્યાં ભોગ લાગ્યા કે આવાં અંધ–શ્રદ્ધાળુઓને ત્યાં આપણું અવતરણ થયું ! અને કયાં ઇંગ્લીશ નૉલેજ મેળવ્યા છતાં લોકોની જંજાળ–જાળ તરફ ધ્યાન દેવું સરજ્યું ? કુદરતની યાચના કરિયે છિયે કે આ બધો કુધારો લય કરી સુધારાને સર્વાંગ સુંદર સ્વતંત્રતા સ્વાધીન કર કે જેથી દુનિયાં અંદર ખાવાપીવા વગેરેમાં છૂટથી વિચરી પાશ્ચિમાત્ય પ્રદેશની પેઠે સંપ જંપ સાથ મૉજમજાહ મેળવવા ભાગ્યશાળી થઇયે. ઇત્યાદિ ઇત્યાદિ વાર્તાનંદની હવાઇ ઉડાવતા અને ચિરૂટ વગેરેની લ્હેર લેતા હૉટલનું બીલ ચુકાવી

આસ્તે આસ્તે ચાલતા ઇલેકટ્રીક ટ્રામમાં સ્વાર થયા અને તેઓ સાંજરે ગીએટી થીએટરમાં ખેલ જોવાનો સંકેત કરી પોત પોતાને મુકામે પહોંચવાની માર્ગપ્રતિક્ષા કરવા લાગ્યા, અર્થાત્ જેમ જેમ પોતાના મુકામવાળો લત્તો નજીક આવતો ગયો તેમ તેમ ટ્રામવેમાંથી ઉતરી ઘરની વાટ અખ્તીઆર કરતા ગયા.

વ્હાલા વાંચનાર સાહેબો ! એ નવયુવક કોણ હતો ? અને તે આટલો બધો કેમ આનંદમાં મલકાતો હતો ? તે શું આપ જાણવા માંગો છે ? જો તેમજ હોય તો આપની આતુરતાને શાંતિ આપવા જાહેર કરીશકે—એ નવયુવક કાલબાદેવી રોડપર આવેલી ડાભોલકરની વાડીના દિવાનખાનામાં રહેનાર એક વણિક કોમનો સદ્ગૃહસ્થ હતો. તે થોડાજ સમયમાં એમ. એ.ની પરીક્ષામાં સંખ્યાબંધ વિદ્યાર્થીયોના મંડળ મધ્ય પહેલે નંબરે પાસ થયેલો હોવાથી તેની સુપ્રશંસા જાહેર—પત્રોમાં ચર્ચાઈ રહી હતી. પાસ થયા પછી પણ તેણે ભણવા લખવા વગેરેમાં ઘણી ખંત રાખવાને લીધે સારી નામના મેળવી હતી. હિસાબના સવાલ કે જે ઘણાજ અઘરા અને જે મહાન્ ઇંગ્રેજોથી પણ થઇ ન શકે તેવા છતાં તે સ્હેજમાં ગણી સર્વને તાજુબી પમાડતો હતો. તેમજ સાઈન્સમાં પણ એક્કો હતો, અને એ પ્રમાણે તેની વિદ્યાકળા બુદ્ધિ આદિ જોઇને ખુદ શહાણી સરકારે પણ સારી કદર કરી સાઇન્સના પ્રોફેસરની જગ્યા આપી હતી અને તેના કામકાજથી પ્રસન્ન થઇ ઉચ્ચપદાધિકારીઓ પણ તેની ઉન્નતિ કરવામાં અત્યંત ઇચ્છા ધરાવતા હતા. આમ હોવાથી તે નવયુવક કે જેનું નામ ફેશનમાં ફસાયલો ફતેહલાલજ હતું જેથી આ આપણી વાર્તાનો પણ એજ નાયક હતો.

મિ. ફતેહલાલે કામ નામ ને હામની સાથ દામની પણ સારી સવડતા હાથ કરી લીધી હતી. શરીરસંપત્તિથી સર્વ રીતે સુખી હતો. રૂપવંત, વિદ્યાવંત, લાવણ્યતાવંત અને જનમન આકર્ષક હતો; તથાપિ તે પોતે સુખી છે એમ માનતો ન હતો, કેમકે જ્યારે તેને કામકાજથી–નોકરી ચાકરીથી–લખવા વાંચવાથી ફુરસદ મળતી હતી ત્યારે (તેને) પાપણી સાપણી ચિંતા ઓચિંતા હુમલા કરી ડંશ દેવા માંડતી હતી. મિ. ફતેહલાલ વિદ્વાન હોવાથી જેવી તેવી ચિંતાથી તો ધભરાય તેવો ન હતો, પરંતુ તેની ચિંતા ઘણીજ અસાધ્ય રોગરૂપ હતી કે જેથી જન્મપર્યંત છુટવા પામે તેવો કોઇ તેના હાથમાં ઉપાયજ ન હતો. એટલે પછી નિરૂપાયને લીધે મનમાંને મનમાં બહુ મુંઝાતો હતો.

વાંચકવૃંદ ! તેને ચિંતા બીજી તો ન હતી; પણ એજ હતી કે, તેની હવેલીનો સાચો શૃંગાર અને ગૃહણી જે સુંદરગૌરી હતી તેજ પોતાને પસંદ ન હતી; કેમકે તે સુંદરી એમ એ. પાસ થએલી ન હતી. અરે ! એમ. એ. કે બી. એ. પાસ થવું તો ચુલામાં ગયું; પણ જો મિડલચી હોત તો બસ હતું, પણ આ તો ઇંગ્રેજીના નામ ઉપર તેની સ્ત્રી કાળો અક્ષર કૂટી મારતી હતી. જો કે તે દેવીને બાળબોધી અને ગુજરાતી ( તથા સહેજસાજ સંસ્કૃત ) સંબંધી સારૂં જ્ઞાન હતું; તથાપિ ઇંગ્રેજી શિવાય મિ. ફતેહલાલને એકે ભાષા પસંદ ન હતી. તે તો ગુજરાતી ને ગંદી, બાળબોધીને બેઢંગી અને સંસ્કૃતને સટર પટર ભાષા માનતો હતો, એટલુંજ નહિ પણ તેને તે ભાષાઓ ભણી તિરસ્કાર હતો. ફકત જો ભાષાઓમાં ભાષા પસંદ હોય તો માત્ર ઇંગ્રેજી, પોશાક પસંદ હોય

તો તે માત્ર ઇંગ્રેજી, ભાવ પસંદ હોય તો માત્ર ઇંગ્રેજી અને રીત રિવાજ રહેણી-કહેણી પણ પસંદ હોય તો માત્ર ઇંગ્રેજીજ હતી.

આમ હોવાથી મિ. ફતેહલાલ કે જે ફકત ફેશનદેવીની ઉપાસનાના ફંદમાં ફસાયલો હતો, તે પોતાની વિવાહિતાની તરફથી અત્યંત દુઃખી હતો. તે પોતાની પ્રાણપ્યારી વ્હાલી-વલ્લભા ઇત્યાદિ વિશેષણ સંબોધવામાં પણ કંટાળતો હતો. કેમકે તેવા ઇંગ્રેજી અભ્યાસ વિનાની અભણ સુંદરીને પોતાની અર્ધાંગના બનાવવામાં તે ઘણોજ શરમાતો હતો; કારણ કે તે સુંદરગૌરી એકલું ઇંગ્રેજી ભણી ન હતી એટલોજ તેણીનામાં દોષ ન હતો; પણ બીજા ઘણા દોષ હતા. તે એજ કે-ફતેહલાલની ઉત્કટ ઇચ્છા હોવા છતાં પણ તે માથાની વેણીમાં એક બાજુપર પાંથી પાડવી-ગુચ્છો રાખવો. ખુલ્લે માથે ચાલવું. જમીનપર ઢસડાય તેવું નીચું પહેરવું. ચાવી ચાવીને બોલવું, ખુલ્લી બગીમાં પોતાની જોડે કે મિત્રોની જોડે બેસવું, પોલકાં પહેરવાં. મડમોના જેવો પોશાક ધારણ કરવો. ઓવર કોટ-ગલોબંધ-ગંજીફરાક-સ્લીપર—સ્ટોકીંગ-સોનરી ફ્રેમના ચસ્મા આદિનો ઉપયોગ કરવો તેણીને પસંદ ન હતું. તેણીને હાર્મોનિયમ—ઓરગન-પિયાનો-ફિડલ વગેરે વાદ્ય બજાવવું આવડતું ન હતું. તેણીને પતિના હાથ સાથે હાથ મિલાવીને મિજલસ-સભા-મિટિંગ-સોસાઇટીમાં જવું કબુલ ન હતું. તે પતિની સાથે ઇંગ્રેજી નાચમાં પરપુરૂષની સાથે અંગોપાંગ સ્પર્શાવી નાચવા રાજી ન હતી. તેણીને પતિની સાથે બિસ્કુટ અને ડબલરોટી ખાવામાં, તથા બ્રાંડી સેંપિયન-પોર્ટવાઇન-કે વ્હીસ્કી પીવામાં શામેલ થવું મંજૂર ન હતું. તે માંસાહારનો શોખ ધરાવતી ન હતી અને ખુરશી ટેબલ

પર ચમચા કાંટા છરીથી ભોજન કરવું ગેરવ્યાજબી માનતી હતી. એથી તેણીની સાથે મિ. ફતેહલાલનું મન મળતું ન હતું. કહ્યુંછે કેઃ—

પ્રકૃતિ મિલૈ મન મિલત હૈ, અનમિલતેં ન મિલાત;
દૂધ દહીંતેં જમત હૈ, કાંજીતેં ફટ જાત.

અર્થાત્ પ્રકૃતિના પરસ્પર મિલાપથીજ એક બીજાઓનાં મન મળે છે; પણ જો પ્રકૃતિનો મેળ ન ખાધો હોય તો કદી પણ મન મળીજ શકતાં નથી. જો કે દહીં પણ ખાટું છે અને કાંજી પણ ખાટી છે; છતાં દૂધની પ્રકૃતિ દહી સંગાથે મળતી આવવાને લીધે તે બેઉના સંયોગથી દૂધ પોતાના ગુણ સ્વભાવને છોડી દઇ દહીના ગુણ સ્વભાવાદિ ગ્રહણ કરે છે અને કાંજીની સાથે દૂધની પ્રકૃતિ મળતી ન આવવાથી કાંજીનો સંયોગ થતાં દૂધ ફાટી જાય છે. આજ નિયમ મુજબ મિ. ફતેહલાલ અને સુંદરગૌરીની પ્રકૃતિ સુધરેલી ઢબની હોવા છતાં એકની ને પૂર્વની સુધરેલી ઢબ માન્ય હતી. અને બીજાને પાશ્ચિમાત્યની સુધરેલી ઢબ માન્ય હતી; તેના લીધે એક બીજાને ભિન્નતા માલમ પડતી હતી. કેમકે જ્યારે પતિ અનાર્ય ધર્મને માન આપતો હતો ત્યારે પત્નિ આર્યધર્મ—સનાતન ધર્મને માન આપતી હતી. જ્યારે પતિ અનાસ્થાવંત હતો ત્યારે પત્નિ પૂર્ણ આસ્તિક હતી. જ્યારે પતિ ઇશ્વરનું અસ્તીત્વપણું સ્વીકારતો ન હતો ત્યારે પત્નિ ઇશ્વરની મૂર્તિને સાક્ષાતપણાને અને સર્વવ્યાપીપણાને વગર આનાકાનિયેં કબૂલ કરતી હતી. જ્યારે પતિ દારૂની પ્યાલીનું પાન કરવામાં ભગવત—ચરણામૃતનું પાન માનપૂર્વક કરવા આતુર હતો, ત્યારે પત્નિ દારૂને અડકવામાં

પણ આત્માની અસદ્દગતિ થવી માનતી હતી. જ્યારે પતિ માંસ ભોજન ભરિ રકાબીને ઇષ્ટદેવના નૈવેદ્ય સમ સમજી તેને પ્રેમસહ આરોગવામાં આલ્હાદિત હતો, ત્યારે પત્નિ તે રકાબી સ્હામું જોવામાં પણ મહાન્ પાપ માનતી હતી- જ્યારે પતિ તીર્થ વ્રત નિયમ જપ તપ દાન હોમ યજ્ઞ પૂજા સંધ્યાવંદન આદિ કરવામાં અહંબદ્દપણું માનતો હતો ત્યારે પત્નિ તે સર્વને જીવન સાફલ્યતાનાં સત્ય સાધનો માની તેમાંજ લીન રહેતી હતી. જ્યારે પતિને સદાચાર અપ્રિય હતો ત્યારે પત્નિને અનાચાર અપ્રિય હતો. આમ વિજાતિય સજાતિય સંયોગ હોવાથી બેઉ વચ્ચે જોઇયે તેવો આનંદ ઉત્પન્નજ થતો ન હતો.

નિયમજ છે કે:—

જ્ઞાતિ રૂપ ગુણ વય સ્થિતિ, ધર્મ રંગ એ સાત;<br>
એકજ સરખાં હોય તો, નભે પ્રીતિ ભલિભાત.

અર્થાત્ એકજ જ્ઞાતીનાં, સમાન સ્વરૂપનાં, સરખા ગુણવાળાં, સરખી ઉમરનાં, સમાન સ્થિતિ ( ધન આબરૂની સ્થિતિ)નાં, એકજ ધર્મનાં, અને એકજ રંગ–રૂચિવાળાં હોય તેજ માણસોની પ્રીતિ હમેશાં સારી રીતે નભી શકે છે; નહિ તો એઓની ભિન્નતાથી ( ગર્વ ગ્લાનિને લીધે ) બધી ભિન્નતાનો આ ભાસ કાયમ રહેતાં કોઇ વખત સ્હેજ બાબતની અંદર ચડભડી ઉઠી એક બીજા અબોલા ધારણ કરે છે.

મિ. ફતેહલાલ અને સુંદરગૌરી એ બેઉ દંપતિ છતાં બેઉના ગુણોમાં, ધર્મમાં અને રંગમાં ભારે તફાવત હતો જેથી બેઉનાં મન આનંદને વરી શકયાં નહતાં.

જો કે સુંદરગૌરીનાં માબાપ પહેલેથી આવું જાણતાં હોત કે આ જાદુખોરીયા જમાનામાં ફેશનની ફિસઆરી અને ઈંગ્રેજી ભણતરની યારી વિના સંસારકારોબારના ચણતરની મજા નહિજ આવશે, અને મારી પુત્રીને તે વિના પ્રતિપ્રેમનો અધિકાર પ્રાપ્ત નહિ થઇ શકશે, તો તે ચાલુ જમાનાની પદ્ધતિ સર્વ શીખવાડયા વિના રહેતજ નહીં. પરંતુ ફાંકડા ફતેહલાલને તો ઈંગ્રેજી ભણેલી અને ફેશનની દેવી ગોરી મડમ જેવી નાજની વિના સર્વ જગતજ શુન્ય ભાસતું હતું, ત્યાં પછી સુંદરગૌરીનાં માબાપ તેણીના ઘહું વર્ણું બદનપર સફેદો ચોપડી કેવી રીતે ગોરી બનાવી શકે ?

મી. ફતેહલાલને જો પોતાની સ્ત્રી સંબંધી બાબતોની પ્રથમથી ખબર હોત તો કદી પણ સુંદરગૌરીને પરણુતજ નહીં એને બદલે ફ્રાન્સમાં જઇને ઈંદ્ર લોકની ઈંદ્રાણી જેવી મડમના ચરણોની ઉપાસના આદરી લેત; પરંતુ વીશ વર્ષની નાદાન ઉમરે વિવાહ થયો તે વખતે પોતાનાં વૃદ્ધ માબાપો કે જે જૂના વિચારનાં પૂજારી હતાં તેથી તેમની અગાડી કશું પણ પોતાનું ડહાપણ ચાલતું ન હતું. તેમ વળિ પોતાનું સ્વસુરગૃહ પુત્રહીન હોવાથી અપાર ધન સંપત્તિ હાથ થવાની ભારે લાલચ હતી જેથી પોતાની ગતિમત્તિ ગુમ થઇ રહી હતી. જો કે ધન તો હાથ લાગ્યું; પણ સ્ત્રીથી સંતોષ ન મળ્યો; કેમકે પોતાના મનને પસંદ પડે તેવી તે ન હતી.

વાંચનાર મહાશય ! આપને એના પ્રમાણને માટે એક દિવસનો બનાવ જણાવવાની જરૂર હોવાથી જાહેર કરીશ કે:—એક દિવસ રાતના એક વાગ્યાની વખતે મિ. ફતેહલાલ ટેબલ ઉપર

પુસ્તકો ફેંદી રહ્યો હતો અને નિર્ણય કરતો હતો કે–"ઇશ્વર છેજ નહીં. જેઓ ઉશ્વર છે એવું બતાવે છે અને તે સંબંધી પ્રમાણો આપે છે તે બધાં ટાઢા પહોરનાં ગપ્પાં છે. "સાયન્સનાં પુસ્તકોથી સાબેત થાય છે કે આ બધું કુદરતથી બનેલું છે. ઇશ્વરકૃત નથી. તેમ પાપ પુન્યનો કોઇ બદલો કે ઇન્સાફ આપનાર માલિક નથી. આવું ફતેહલાલે માની લીધું હતું અને એનાજ પ્રમાણો માટે તે પુસ્તકોને ઉથલાવી દીધાં હતાં. મતલબ એ હતો કે 'ઇશ્વરનું અસ્તીત્વ છેજ નહીં' એ વિષયને હિમ્મતથી પ્રતિપાદન કરનારૂં આવતા દિવસે પોતાનું એક નાસ્તિક વાદીઓના મંડલમાં લેકચર–ભાષણ હતું તેથી તે વિષે પ્રમાણો બતાવવાની ધમાલ ચાલી રહી હતી. અને પોતાના વિચાર પ્રમાણે પ્રમાણ–સંગ્રહ હાથ લાગવાથી પોતે મનમાં ને મનમાં ખુશી થતો હતો. કયારેક જમણા હાથની તર્જનીને જમણા કાનના ઉપરના ભાગમાં કે જ્યાં સ્મરણ–શક્તિના ગતિ તંતુઓનું રહેઠાણ છે ત્યાં લગાડતો હતો, કયારેક પોતાની મૂંછને દાંતમાં ઘાલી ચાવતો હતો અને કયારેક ભમરો ચડાવી દઈ વિચિત્ર તરંગોના તાડપર જઇ બિરાજતો હતો; આ પ્રમાણે વિચાર સમુદ્રની અંદર ભરતીઓટ ચાલી રહ્યાં હતાં તે વખતે સુંદરગૌરી ઘુઘરાવાળાં અઠાસિયાંના ધમકારા સાથ ત્યાં આવી ઉભી રહી અને અરધો કલાક લગભગ થઇ આવ્યો; છતાં પતિરાજની નિગાહ પણ પોતા ભણી ન આવી જોઇ એથી તે હાસ્યયુક્ત ચ્હેરા સાથ મીઠા અવાજથી બોલી કે–"નાથ! આજે આ શું ખટપટમાં રોકાયેલ છો? રાત વિશેષ વીત્યા છતાં પણ હજુ શયન કરી નિદ્રા–સુખ મેળવવાની પણ તક હાથ કરી નથી. રાત દિવસ વાંચવા ભણવાના ગા–

ઠ મ્હાવરાથી આંખ્યોની રોશની કમી થાય છે, તેમજ મગજ પણ કમજોર બનતાં તન પણ કમજોર થાય છે માટે હવે પુસ્તક ઉથામવાં મોકૂફ રાખી આરામને સ્વાધીન કરો. ઘણું જાગવાથી ઘણા રોગોને જન્મ મળે છે એ આપથી કંઈ અજાણ્યું નહીજ હશે જેથી તન મન મગજને વિશ્રાંતિ સમર્પો."

આવું સાંભળતાં તો ફતેહલાલના ફતેહના વિચારમાં ખલેલ પડવાથી તેમનો મિજાજ સાતમા આસ્માનપર ચડી બેઠો અને જેમ તેમ શબ્દો બોલી કહેવા લાગ્યો કે—" તું અહીંયાંથી ચાલી જા. રજા વગર કેમ અંદર આવી ? હું અત્યારે સુવા માંગતો નથી. શરીર સુધારવા બગાડવાના નિયમો મારાથી અજાણ્યા નથી. હું મારા શરીરાદિને જાળવી મારા યત્નમાં ફતેહ મેળવવા મચ્યો રહ્યો હતો, છતાં પણ મને કંઈ થાત તેમાં તારે શું હતું કે તું વચમાં આવી ધાંયઝીની પેઠે બોલી ઉઠી ? કોણે તને ડાયલી કરી હતી પૂછયા વિના શા માટે તારે લવારો કરવો પડયો. પોપલીલાધારી સત્ય વાતમાં શું સમજે ? આસ્તિકતામાં ભારરૂપ થનાર તારા જેવાં માણસોની છત વધારે હોવાથી બિચારૂં હિંદ પરાધીન અને સંપ વિનાનું બની બેઠું છે. અફસોસ ! તારા જેવા જૂના વિચારની એક ઈંગ્રેજી ભણુતરના ચણુતરથી અજાણ હોવાથીજ આ વખતે મારા કામમાં મદદ આપવાને બદલે મારી વિચારશ્રેણીનો કિલ્લો જર્જરીભૂત બનાવી દીધો, અને આજ કારણથી હું વારંવાર કંટાળી બોલ્યા કરૂં છું કે હિંદુસ્તાનની સ્ત્રીઓ તદ્દન ગમારજ હોય છે. કે જેથી સુધરેલી પાશ્ચિમાત્ય ઢબને જરા પણ સમજી શકતી નથી."

**સુંદરગૌરી**—" વલ્લભજી ! હું અને મારી સાત પેઢી ગમાર; પણ આપ એવું ફરમાવ્યા કે પોપલીલાધારી સત્યમાં શું સમજે? એ શું ? અગર મારો શો અપરાધ થયો કે આટલા બધા ગુસ્સે થઇ ગયા ?"

**ફતેહલાલ**—" તું અપરાધમાં સમજતી હોત તો આ સ્વાલજ ન કરત. બેવકૂફ ! તારા અઠાસીઆના ઘુઘરાના અવાજે મારૂં કુલ્લ વિચાર–ચણતર ગિરાવી દીધું, અને આવેલાં સુંદર પ્રમાણોને પલાયન કરાવ્યાં. તે પ્રમાણ એવાં સરસ હતાં કે જે આજ સૂધી ઇશ્વરને ન માનનારા મોટામાં મોટા ફિલોસોફરોના ધ્યાનમાં પણ નથી. જો તે યાદ રહેત તો હું આવતી કાલે લેકચરમાં બહુજ નામ અને ઇનામ મેળવવા ભાગ્યશાળી થાત. પણ અફસોસની વાત કે તારા જેવી હિંદી કાળી અણઘડ ઓરતો સારાં પ્રમાણોનો ઓરતો આવ્યા કરે તેવું કરી દેવાથી ધારેલી ધારણા ધૂળમાં મળી; કહે કે આથી કેવો મહાન અપરાધ ?"

**સુંદરગૌરી**—પ્રાણનાથ ! થએલા અપરાધની ક્ષમા કરી જરા કૃપા સાથ મને સમજાવો કે આપ ઇશ્વરને નથી માનતા ?! રામ! રામ ! જો આપ ન માનતા હો તો મહાન ખેદનો વિષય છે."

**ફતેહલાલ**—" હા, હા નથી માનતો, બોલ શું કહેવા માગે છે? જો છે તો તારો ઇશ્વર ક્યાં છે ?"

**સુંદર**—" વલ્લભ આર્યપુત્ર ! મને આપની સર્વ વાતો કબૂલ છે, આપની હું ચરણ ચાંપનારી દાસીછું જેથી આપની વાતનો ઉત્તર આપવો એ મારો ધર્મ નથી; તો પણ એટલીજ અરજ

કરૂંછું કે—ઇશ્વર નથી એવું માન્ય પુરૂષો કે સ્ત્રીઓના અગાડી જાહેર ન કરો તો મહાન્ કૃપા માનીશ."

**ફતેહ—**"તું તદ્દન મૂર્ખ છે. તું એ ઊંડા રહસ્ય ભરી વાતોમાં શું સમજે? જો તું પણ મારા જેવી કેળવણી મેળવી તૈયાર થઇ હોય તો મારી પેંડેજ કહેત; માટે વગર સમજ્યે હુજ્જત ન કર! જા સુઇ જા."

**સુંદર—**આવાં વચન સાંભળતાં પતિને હાથ જોડી પગે લાગી, ખોળા પાથરી વિનતી કરવા લાગી કે—"પ્રભો! પરમાત્માને ન વિસરી જાઓ, તેમના સંબંધમાં લાંબા ટૂંકા શબ્દો ન ઉચારો; કેમકે તેનું પરિણામ સારૂં આવશે નહીં. જુઓ શ્રી પ્રલ્હાદજીનું આખ્યાન તથા સુધન્વા–હરિશ્ચંદ્ર–પીપાજી–ધનાભક્ત–મીરાંબાઇ અને મયૂરધ્વજાદિનાં વૃત્તાંતો કે પરમેશ્વરે તેમની કેવી પત રાખી છે? અને નાસ્તિકોના શા હાલ થયા છે?"

**ફતેહલાલ—**યુ ડેમ! બ્લિકવાઇટ! ડોન્સપિક આ સિંગલ વર્ડ!! હું તારી સલાહ લેવા ચાહતો નથી. શું તું મને ઉપદેશ અને ડરની ધમકી દેનારી છે?" ઇત્યાદિ કહી તેને અને તેના મા બાપને પાંચ સાત ગોઢવાડ પ્રદેશનાં સૂત્રો (ગાળો) સંભળાવી મેથી પાકની પ્રસાદી આપવા પરની નોબત વગાડવાની તૈયારી કરવા લાગ્યો, જેથી સુંદરી ત્યાંથી સમયને માન આપી ચાલતી થઇ. પરંતુ ફતેહલાલના મનમાંથી તે વાત ચાલતી થઇ નહિ. તેતો ઘણોજ કંટાળો ખાઇ નિઃશ્વાસો સાથે એક એ સમયનું ગાયન બનાવી ગાવા લાગ્યો કેઃ।

( આલિંગનરૂપી પય જળથી—એ રાગ. )

મળ્યું ખરેખર પગનું જોડું, મળ્યું ન મુજમનનું જોડું;
  ખાસ કજોડું આ કહેવાએ, તુરત એને હું તરછોડું. ૧
ગોરાંગી ગુણવંતી લાવું, વિમાનમાં વસવાવાળી;
  પદ્મિની તે સુખ દેશે પૂરણ, કંટાળો દે છે કાળી. ૨
અનુકૂળ અહનિશ જે રહે તે, સાચી સુખદાતા કહિયે;
  અન્ય શંખિની શૂળી સમી તે, દૂર સદા તેથી રહિયે. ૩
ભોગી ભ્રમર આ માલતિ વિણ નિત, અતિશય ઉદાસ થઇ રહે છે;
  અણગમતાં આવળ પુષ્પોનો, સંગ મળ્યે અતિ દુખ સ્હેછે. ૪
હું લ્હેરકડો ભોગીલાલછું, એ સુકી શેલડી જેવી;
  સત્ય સપથ ખાઇને કહુંછું, એ દઇતાને તજી દેવી. ૫

બસ ! બસ ! હવે તો એજ નિશ્ચયપર આરૂઢ થવું, કરાંચી જવું અને ગૌરાંગ દેવીને મળવું હળવું તથા પછી ત્યાંથી પાછા પળવું. જ્યાં મારી વિવાહિતા પ્રેમ—અરે ! પવિત્ર પ્રેમની સંસ્કારિણીજ નથી ત્યાં પછી તે સત્ય—પ્રેમમાં શું સમજે કે મને આનંદદાતા નીવડે ? કવીયે પણ કથેલ છે કે:—

( માન માયાના કરનારારે એ રાગ. )

શૂરાંપૂરાં શુદ્ધ સંસ્કારીરે, એવાં પ્રેમી પ્રેમનાંજ અધિકારી;
  મોદવંત હૃદય મનોહારીરે, એવાં પ્રેમી પ્રેમનાંજ અધિકારી;
નિર્મળ છે તનડાં ને મનડાં છે નિર્મળ, નયણાં વયણાં નિર્વિકારી;
  નીતિ રીતિ જેની નિત્ય સુરંગી, ધીરવીર એક ટેક ધારીરે. એવાં. ૧

મારૂં ને તારૂં જ્યાં દીસે ન કોઇ દિન, સતત અભેદતા સ્વીકારી;
દ્વેષ કલેશની ન લેશ લાવેજ લાગણી, સ્નેહમય ચિત્ત સૌખ્યકારીરે.
અંદર ઉપરનો રંગ એક સરખો, દેખાય નિત્ય દુઃખહારી;
વધઘટ પ્રેમરંગમાં ન ત્રિલોકિયે, સરખી સ્થિતિ નિરધારીરે. ૩
મિત્રના દુઃખેથી દુખિયાં બનીને, આપ મદદ અતિ સારી;
મિત્ર સુખેથી સુખિયાં બને બહુ, ઉત્તમ પ્રશંસા ઉચ્ચારીરે. ૪
પ્રભુની પ્રભાનાં પ્રતિનિધિ રૂપ એ, પરમ પૂજ્ય પ્રેમપથ–વિહારી;
કહે એવાં પ્રેમી મળે જો, વારે વારે હું તો જાઉં વારીરે. ૫

હાય! હાય! એવાં કયાંથી સદ્ભાગ્ય હોય કે તેવાં દંપતિ કે મિત્રોની ભેટ થાય !.! જોઉં છું કે નેચર મને શું મદદ આપે છે! જો તે અનુકૂળ થાય છે તો તો અલબત કરાંચીમાંથી છેલ છબીલીને લઇ મૂછે તાર દેતો આવું છું. નિકર તો પત્થર સાથે રત્ન પછાડયું છે તે કયાં છુટાય છે! " આ પ્રમાણે તર્ક વિર્તકના તરંગોમાં લીન થતો નિદ્રાદેવીએ પોતાના તાબામાં ધીરેધીરે લઇ લીધો જેથી જરા શાંતિને ભેટયો અને ગૌરાંગદેવીની ભેટરૂપ સ્વપ્નસૃષ્ટિમાં લીન થઇ જીવનને સફળ ગણવા લાગ્યો.

વાંચનારા બિચારા ફતેહલાલને ફક્ત નિદ્રા રહી ત્યાં લગી મન ધાર્યા વિચારમાં ફતેહ મળી; પરંતુ જ્યાં નિદ્રાએ તેને પોતાના કબ્જામાંથી મુક્ત કર્યો કે તુરત આર્યાવર્ત્તના આચાર વિચારોએ તેને પરાણે કહો કે લાજ્યે લજવાયે કહો પણ ઉપાધિથી યુક્ત કર્યો એટલે કે બીજે દિવસે ફતેહલાલને મેલમાં કરાંચી જવાનું હતું; પરંતુ તે દિવસે તેના પિતાશ્રીનું શ્રાદ્ધ હતું જેથી પોતાની અણુગ-

સતી સ્ત્રીએ, મિત્રોએ અને સંબંધિયોએ તેને તે દિવસે જતાં ખાસ અટકાવ્યો. એથી તેનું સબળ પ્રયત્ન છતાં પણ કશું વળ્યું નહીં, તેના લીધે લાચાર થઇ અટકી રહ્યો.

સુંદરગૌરીએ તે દિવસે ઘણાંજ સુંદર સ્વાદિષ્ટ પકવાન્ન શાક આદિ સુધરેલી ઢબનાં તૈયાર કર્યાં અને તે એટલાજ માટે કે વિદેશી સ્ત્રીઓ કરતાં આર્યસ્ત્રીઓ કેવી પાકશાસ્ત્રની જ્ઞાતા હોય છે તે સિદ્ધ કરી બતાવવાનો હેતુ હતો.

જ્યારે રસોઇ તૈયાર થઇ ચુકી ત્યારે તુરત પોતાના નોકરને કલબમાં મોકલી પતિદેવને બોલાવા માટે યત્ન આદરી સુંદરગૌરી નાથની રાહ જોવા લાગી; પરંતુ એક તેડું બે તેડાં અને એમ કરતાં દશ તેડાં થયાં; તથાપિ ગત રાત્રીના નાસ્તિક વાદની ચાલતી ચર્ચામાંથી નિવૃત્ત ન થવાને લીધે છેલ્લું અગ્યારમી વખત તેડું મોકલાવ્યું, એથી એ પરિણામ આવ્યું કે તેડાગરને ત્રણ લપડાક અને પાંચ દશ ગાળોની બક્ષીશ આપી. આ બનાવથી સુંદરગૌરીનો ઉત્સાહ કૂચ કરી ગયો અને નિરાશાને ભેટી વાસ સંબંધી રાખેલી સામગ્રીને સાગરદેવમાં વસતાં જળચારી જીવોને સુંપી દેવરાવી, તથા નિમંત્રેલા બ્રાહ્મણોને ભોજન દક્ષિણાથી સંતોષી વિદાય કર્યા.

પતિ સવારના ગયા છતાં રાતના નવ વાગ્યા પછી ઘેર પધાર્યા ત્યાં લગી સુંદરગૌરી તદ્દન ઉપવાસીજ હતી. પણ પતિ તો કલબમાં ચા બિસ્કુટ અને અભક્ષ્યાદિ ખાનપાનથી તૃપ્ત થઇ આવેલા હતા, જેથી સુંદરની કરેલી રસવતીની તેમને શી પરવાહ હતી. બિચારી પત્નિતો ભૂખથી ગભરાઇ ગઈ હતી, તથા આઠ માસનો

ગર્ભ હતો અને ગરમીની મોશમ હતી, જેથી તેણીને એક પછી એક ઉલટીઓ શરૂ થઇ અને કમતાકતના લીધે વેદના વધી પડતાં ભયંકર બીમારીને વશ થઇ પડી. એ જોઇ ફતેહલાલે તુરત વૈદ્યને બોલાવી લીધો અને વૈદ્યે આવી નિદાન કર્યું તો ભૂખ તરસથી પીડાવાને લીધે ગર્ભ વિકૃતિને વશ થયેલ છે માટે તુરત દૂધ પાવાની જરૂર બતાવી. એ સાંભળતાંજ સુંદર લજ્યા સહિત વૈદ્યવરને કહેવા લાગી કે—" જ્યાં લગી સ્વામી નહીં જમશે ત્યાં લગી હું દૂધ તો શું પણ પાણી પણ પીશ નહીં."

આ સાંભળી ફતેહલાલે કહ્યું. "શું તું હજુ લગણ નકોરડો ઉપવાસ કરી રહેલી છે?!" અરેરે! આ હિંદુસ્તાની ગમાર સ્ત્રીઓથી હું હેરાનજ છું. વૈદ્યરાજજી! હું બહુએ સભ્યતા રાખવા ચાહુંછું; પણ દેશી ઓરતો સાહમાની પણ સભ્યતા છીનાવી લે છે ત્યાં ઇલાજજ શો? મને અત્યારે જરાપણ ભૂખ નથી. છતાં એ જો દૂધ પિયે તો હું પણ જરા દૂધ પીશ." ઇત્યાદિ કહ્યું; પરંતુ વૈદ્યે તો પોતાની ફરજ બજાવી રસ્તો માપ્યો. કેમકે તે એવી નકામી પંચાતમાં પડે તો તેને કેમ પાલવે! એથી અંતે દંપતિએ તે વાતનો અંત આણ્યો અને જ્યારે પતિયે દૂધ પીધું ત્યારે સુંદર ગૌરીએ દવા ખાઈ તે ઉપર દૂધ પીધું જેથી થોડાજ વખતમાં આરામ મેળવ્યો.

તે પછી પતિને વિનવી જરા ભોજનનો આસ્વાદ લેવા બેસાર્યા અને તેમણે પણ ન મન છતાં અત્યાગ્રહને લીધે જરા સ્વાદ લેવા માંડ્યો; પરંતુ રસવતી અત્યંત સુંદર બનેલી હોવાથી સ્વા-

આવિક તેમનાથી બોલી જવાયું કે " આજે તો રસવતી ખરેજ રસવતી છે. જો ગરમ ગરમ ઉપયોગમાં આવી હતે તો બેશક આથી પણ વિશેષ આનંદ અને લજ્જત પ્રાપ્ત થાત."

આટલું સાંભળતાંજ સુંદરગૌરીએ પોતાનો શ્રમ સફળ થયો; માન્યો અને હાથ જોડી નમ્રતાથી તે પતિને કહેવા લાગી કે; નાથ ! જો આપ દીર્ઘદૃષ્ટિ સાથ નિસ્પક્ષપાતથી નિહાળશો તો આ પ્રમાણેજ તમામ કળાઓમાં તથા ગુણોમાં આર્ય રમણિયો ચાતુર્યપૂર્ણ દૃષ્ટિગોચર થશે; પણ આપ ધ્યાનજ ન આપો તો તે પર કશું જોર કે ઇલાજ નથી.

**ફતેહલાલ**—"બસ એતો જવા દે, હિંદુ સ્ત્રીઓ ગમે તેવી ડંફાસ મારતી હોય; પરંતુ ભણેલી ગણેલી ગૌરાંગદેવિ જેવી નીવડી શકતી નથી. તેતો ખાસ સ્વર્ગનીજ સુંદરીઓ છે ! તેઓની હોડ કોઇથી થઇ શકે તેમજ નથી."

**સુંદર**—" નાથ ! હું તેમનો મુકાબલો કરવાની વાત નથી કહેતી; પરંતુ એટલું તો છાતી ઠોકીને કહીશ કે ગૃહસ્થીઓના યોગ્ય સ્ત્રીઓમાં જે ગુણોની જરૂરતા છે તે બધા ગુણો તો ગૌરાંગદેવીઓ કરતાં વિશેષપણે આર્ય સ્ત્રીઓમાં હોય છેજ."

**ફતેહલાલ**—" નહીં ! નહીં ! કદી નહીં ! અગર કદાચ હોય તો પણ સ્ત્રીઓ સંતતી અને ભોજનના નિયમ જાળવવા માટેજ પેદા થઇ નથી. એ તો ઇશ્વરે અરે ! ભૂલ્યો ! કુદરતે નર નારીના સમાન હક અદા કરવા માટેજ પેદા કરેલી છે કે જે લખવા ભણવા કામ કરવા વગેરેમાં બરોબરી કરી શકે."

સુંદર—" પ્રાણેશ્વર ! જો ઈશ્વર નથી તો કુદરત સ્વાભાવિક રીતે તેનું નામ આપ જેવા ચાર્વાક વાદીની જબાન ઉપર શાથી આવવા દેછે ? એથીજ સાબેતી મળે છે કે ઈશ્વર છે. "

ફતેહલાલ—"અરે ગાંડી ! એતો પોપલીલાવાળાઓ સાથન વધારે સહવાસનું નિશાન છે અને હું પણ પ્રથમ ગાડરિયા પ્રવાહને લીધે ઈશ્વરપર આસ્તા રાખતો હતો; પરંતુ સાઈન્સે તે અંધેરપછેડો અલગ કરી દીધો. "

સુંદર—" હશે નાથ ! એ વાતને અત્યારે બાજુપર છોડી દેવી યોગ્ય છે. વળી કોઈ સમય આપને પરમાત્મા સુમતિ પ્રેરશે તો સર્વ આનંદ મંગળ થશે. પરંતુ એતો ફરમાવો કે સ્ત્રીઓને પુરૂષના બરાબર અધિકાર મળી જાય તો બિચારીઓ ગર્ભના કષ્ટ-થી મુકત થઈ રહેવા લગ્નાદિ કરવાનો ત્યાગ કરી દે તો આ સૃષ્ટિ-નો વધારો શી રીતે થઈ શકશે ! શું પુરૂષો સ્ત્રીઓની પેઠે ગર્ભ-વંત થશે ?! નાથ ! સમાન હક કુદરતેજ બક્ષ્યા નથી તો પછી તેમને શી રીતે સમાનતા પ્રાપ્ત થઈ શકે. "

ફતેહ—" ગર્ભવંત થવું એ તો કુદરતથી વિરૂદ્ધ છે; પરંતુ પરણે નહિ તો સ્ત્રીઓને ચાલી શકે. વિલાતની અંદર પરણવા માટે સ્ત્રીઓપર કોઈ દબાણ કરી શકતુંજ નથી. ઘણીક ઔરતો કુવારી જ જીવન ગાળી દેશહિતનાં મહાન કામો કરી અમર નામ પ્રાપ્ત કરે છે. "

સુંદર—" સ્વામીનાથ ! ભલે કુંવારી કહેવડાવે પણ તે ખરી રીતે કુંવારી રહી શકતી નથી અર્થાત પુરૂષોના ખાનગી સંસર્ગથી

નિરાળી રહેવા પામતી નથી, જે સ્ત્રીઓ સ્વતંત્ર રહે છે તે સ્ત્રીઓનાં નામ કુકર્મકારકના લિષ્ટમાં કાયમતા ધરાવતાં માલુમ પડે છે. જેમ પુરૂષ સ્ત્રી વિના તેમ સ્ત્રી પુરૂષ વિના કેવળ ( શીલધારી ) રહી શકતાં નથી. ”

ઇત્યાદિ વાતો કરતાં કરતાં રાત વિશેષ જવાથી બેઉ નિદ્રાને વશ થઇ ગયાં જેથી બાકીની વાત મનમાંજ છુપાઇ રહી.

પ્રાતઃકાળે તો કરાંચી જવાની ધામધૂમમાં રોકાવાથી ફતેહલાલને જરા પણ નવરાશ ન હતી, જેથી સાડાદશ વાગ્યે પોતાના કામપર હાજર થઇ સાંજરે ઘેર આવ્યા બાદ જમી મેલટ્રેનમાં સ્વાર થવાની વિચારણા હતી; પરંતુ ઓફિસમાં તે દિવસે વધારે વખત રોકાઇ જવાને લીધે ઘેર આવી જમીને જવાનો વિચાર તો માંડીજ વાળવો પડયો. જેથી ચપરાસીને મોકલી પોતાના ઘેરથી પોતાનાં ધોએલાં કપડાં ટ્રંક અને બેડીંગ મંગાવી લઈ હોટેલમાં જમી બારોબાર માર્ગ લેવો પડયો.

સ્ટેશનપર જઇ પહોંચી સેકંડ કલાસની ટીકીટ મેળવી ને ગાડીમાં સ્વાર થયો; પરંતુ પોતે પોતાના પોઝીશન મુજબ પોશાક પહેરી શકે તેટલો વખત પણ તેને તે દિવસે મળી શકયો ન હતો જેથી તે વિચારણામાં મશગુલ બન્યો, અને સારાં ધોએલાં કપડાં બદલવાની તૈયારી કરતો હતો. તેટલામાં હિંદુસ્તાની સ્ત્રીઓ તે ડબ્બામાં આવી બેઠી, જેથી પાટલુન બદલવાનો તો મોકોજ ન મળ્યો. જ્યારે વલસાડ સ્ટેશન છોડી મેલ અગાડી વધ્યો ત્યારે તે સ્ત્રીઓ સૂરત સ્ટેશને ઉતરી પડી એટલે તુરત ટ્રંકમાંથી નવી

ધોએલી દરતરીબંધ પાટલૂન કહાડી લીધી અને પેલી પાટલૂન ઉતારી નવી પાટલૂન પહેરવા માંડયો. પણ આર વધારે પડી જવાને લીધે તેને પહેરવા જેવી ખુલતી કરવામાં તો અંકલેસરનું સ્ટેશન પણ આવી પહોંચ્યું. પોતે પાટલૂન પહેરવા માટે માએ જણ્યા તેવો બની રહ્યો હતો, હવે જો નાગો રહે તો ભુંગળ વિનાની ભવાઇ થાય અને પાટલૂન પહેરે તો પહેરવા જેટલો વખત ન હતો. જેના લીધે એક ધુંસો લુંગીની પેઠે લપેટી લઇ પોતાનું શરીર ઢાંકી લીધું અને તે કષ્ટથી મુકત થવા ગાડી ઉપડવાની વખત જોયા કરતો હતો. તે ધારતો હતો કે ગાડી રવાના થતાંજ જૂની પાટલૂન પહેરી લઇશ; કેમકે રાત ઘણી જવાથી અહીંથી કોઇ પેસેંજર આવવા સંભવ નથી. જો સંભવ હોત તો તો પાયખાનામાં પેસીને પણ પાટલૂન પહેરી લેત. પરંતુ તે બધું મનમાંને મનમાંજ રહ્યું, ગાડી ઉપડવાની તૈયારીમાં તો તેજ ડબ્બામાં ગૌરાંગ દંપતી આવી પહોંચ્યાં અને બેઠા પછી આમ તેમ જોવા લાગ્યાં તો સેકન્ડકલાસ પસેંજર એક કંગાલ હાલતમાં બેઠેલો જોઇ તે વિચિત્ર વિચારણાને તાબે થયાં.

ફતેહલાલ મનસુબામાં ફતેહ પામવા ચાહતો હતો ત્યાંતો ફજેતીના ફાળકાની આગાહી તેની આંખ સમીપ રજુ થઇ જણાણી, ધોબીને અને નસીબને ગાળીપ્રદાન દેવા લાગ્યો, અને સુકાઇ ગયેલા કોચલા જેવો સંકોચાઇ બારી પાસે બેસી રહ્યો. વડોદરા આવી પહોંચ્યું છતાં બહુએ ફાંફાં માર્યાં; પણ કશો દહાડો વળ્યો નહીં. કેમકે ઉભા થવાથી ખુલ્લા પગ જોવામાં આવતાં ગૌરંગદેવ હાસ્ય અને ગમારતાનું દિગદર્શન કર્યા વિના રહેનાર નથી, એથી સંકોચાઇને જેમનો

તેમ પત્થરની મૂર્તિ જેવો બનીનેજ બેસી રહ્યો ને ગૌરાંગ દંપતીને ઉતરવાની રાહ જોવા લાગ્યો પણ તેતો અમદાવાદજ ઉતરવાનાં જણાયાં અને તેમાં વળી એકાએક ગૌરાંગદેવીની તબીયત બગડી આવતાં ટાઢીઓતાવ ચડી આવ્યો જેના લીધે દેવી દાંત કચકડવા લાગી. ટાઢ બંધ પડવાનું તેમની પાસે મોસમ ન હોવાથી સાધન ન હતું; પણ ધૂંસો ઓઢી બેઠેલા પેસેંજર ભણી તેમણે નજર કરી અને અંતે તે ધૂંસો મેળવવાની નમ્રતા સાથ માંગણી પણ કરી; તથાપિ માંગણી સ્વીકારી નહીં. કેમકે જો માગણી ન સ્વીકારે છે તો હિંદુઓનું ગમારપણું સાબિત થાય છે, અને સ્વીકારે છે તો માએ જણ્યો તેવો હોવાને લીધે ફજેતીમાં મણા રહેતી નથી. એકવાર બેવાર ને ત્રણવાર ગૌરાંગદેવે માંગણી કરી; પરંતુ ઉત્તર ન મળતાં દેવીએ તેમ કરવાની ના પાડી; કેમકે જે સભ્યતામાં સમજતો નથી તેની સાથે નમ્રતા કેવી ? મારા ટાઢ વાવાથી પ્રાણ જાય છે છતાં તેનામાં જરા રહેમ નથી ત્યાં ઇલાજ શો ? માટે કાળા અહંબકને આજીજી ન કરો વગેરે વાત કરી. પરંતુ દેવીની તબીયત વધારે વધારે ગભરાતાં તેના પ્રાણની હયાતીમાં સંશય થવાને લીધે ગૌરાંગદેવને ગુસ્સો આવ્યો અને જબરાઇથી તે ધુંસો પડાવી લેવાના ઇરાદાથીજ ફતેહલાલના અગાડી જઇને ઊભો, ત્યાંતો કાપો તો ખૂન ન નિકળે એવી તેની સૂરત બની ગઇ. હવે ગાંડાની ગતિ ધારણ કર્યા વિના બીજો કોઇ ઉપાય હાથ રહ્યોજ ન હતો. એથી જેવી ધૂંશો ખેંચી લેવાની પેરવી ચલાવી તેવોજ ફતેહલાલ બકબકાટ કરતો ઉભો થયો;તથાપિ ગૌરાંગદેવ ડગ્યો કે ડર્યો નહીં એટલે તો

ફતેહલાલે લટ્ઠ ઉઠાવી ફટકારવાનો ડોળ દેખાડયો કે દેવીએ તુરત ગભરાઇને પાછા ખેંચી લઇ કહ્યું–" ગમારને જવા દો નાહક ક્યાંક જીવ જોખમમાં આવી પડશે ? હું ઠંડ વેઠી લઇશ; પણ દીવાનાને ન વતાવશો."

ગૌરાંગદેવને પણ પ્રતીતિ થઇ કે દીવાનો હોવાથી વખતે પંચાત કરશે જેથી પિસ્તોલ સ્હામે ધરી રાખી સ્ટેશન આણંદની રાહ જોવાની લગની લાગી રહી, અને જ્યારે સ્ટેશન આવી પહોચ્યાં કે તુરત પોલીસના અફસરોને બોલાવી લીધા તથા બધી હકીકત કહી જણાવી. જેથી ફતેહલાલની ચોમેરયો બંદોબસ્ત થઇ કે ગૌરાંગદંપતી ત્યાંથી ઉતરી બીજી ગાડીની અંદર બેઠક મેળવી શાંત થયાં.

પોલીસના સિપાઇ અમલદારો તથા રેલવેના પોટરો વગેરેએ તેને પકડવા માટે ઉદ્યમ આદર્યો; પરંતુ ફતેહલાલ પોતાની ઇજ્જત રાખવા કોઇને બચકાં ભર્યાં, ફુદકા માર્યાં, દંતિયાં કર્યાં, અને બહુએ દીવાનાના ડોળ બતાવ્યા તથાપિ તેઓએ પકડી પાડી ગાડીમાંથી ફતેહલાલને બહાર ખીંચી કહાડયો અને ચતુર્ભુજ સ્વરૂપ સાથ મેદાનમાં ખડો કર્યો,જેથી આણંદમાં ઉદાસી મળવામાં પાર ન રહ્યો.

આ તાણમતાણાથી ધુંસો શરીરથી છુટો થઇ ગયો કે દિગંબર દશાને નિહાળી સર્વ જણાઓએ હેહેના પોકારથી ફેશનમાં ફસાયેલા ફતેહલાલની ફજેતીને વધાવી લીધી; તોપણ અત્યાર લગણ ફતેહલાલ ગર્ગતાના ડોળને લીધે શરમની પરવાહ વગર હતો;પણ

સ્ટેશન માસ્તર ત્યાં આવ્યો કે તેને જોતાંજ તે પોષ માસના પાણી જેવો શીતલ થઇ નીચું જોઇ અત્યંત શરમને વશ થયો; કેમકે તે માસ્તર અને પોતે સાથે ભણેલા હતા જેથી આવી દશાથી મરવું તેને વધારે પ્રિય લાગતું હતું; પણ શું કરે કશો ઇલાજ ન હતો. જેથી માસ્તરે પૂછયું—"મિસ્ટર ! આ શું દશા ? અને આમ કેમ છો?" આના ઉત્તરમાં હળવેથી. "પાંચ મીનીટ મને ઓરડીમાં જવા માટે છુટો કરાવો." એટલુંજ કહ્યું. એટલે તુરત ચતુર્ભુજ સ્વરૂપ બંધ પડાવી કોટડીમાં જવાની માસ્તરે છુટી અપાવી. જો કે લોકોએ ગભરાઇને કેઇ દુર્ઘટના કહી બતાવી; પણ માસ્તરને તેની ખાત્રી હોવાથી કશી ધ્યાનમાં લીધીજ નહીં.

ફતેહલાલે કોટડીમાં પેસી પોશાક ધારણ કરી જેંટલમેનનો દબદબો દર્શાવ્યો અને પછી પોતાની રામાયણ સંબંધી કથા કહી સંભળાવી પોતાના મિત્ર માસ્તરને શાંતી આપી. જો કે તે બિના સાંભળતાં હસવું તો પાર વગર આવતું હતું; તોપણ મિત્રનું દિલ ન દુખાય તે માટે મુંછ અને હોઠમાંજ હસવાને દબાવી રાખ્યું. ત્યાર બાદ ગઇ ગુજરી વાતને શોચ ન કરવા માટે બે શાંત્વન શબ્દો કહી તેનું મન રાજી કરી જમાડી તેને બીજી ટ્રેનમાં વિદાય કરી દીધો.

જોકે માસ્તરે એ વાતને છુપાવી રાખવા ચાહ્યું હતું; પરંતુ અન્ય માણસોએ તે વાતને ઠેઠ ન્યુસપેપર સુધી પહોચાડી જેથી ફેશનની ફજેતી જાહેરમાં આવી ને તે છેક અંતે સુંદરગૌરીના કાને પણ જઇ લાગી, જેથી ફેશનની ફિસીઆરી માટે તેણીને ઘણુંજ લાગી

આવ્યું. પતીની ફજેતી તે પોતાનીજ ફજેતી સમજતી હતી; પણ ઉપાય હાથ નહતો એટલે લાચાર હતી.

ફતેહલાલ ત્રીજે રોજ કરાંચીમાં જઇ પહોંચી ઉજવલ ગલીમાં ઉજવલ કામ કરનારી ( ! ) ઉજ્વળવર્ણધારિણી દેવીને પોતાના અંગવસ્ત્ર રૂપે પસંદ કરી તેજ સમાહમાં મુંબઈ ભણી પાછો આવ્યો.

હવે તો મિસ્તરને હર્ષનો પાર રહ્યો નહી; કેમકે મનમાની ગૌરાંગીદેવીનો સમાગમ સ્વાધીન થયો જેથી મનમાં આનંદની ભરતીથી રેલમછેલ થઈ રહી હતી, અને જ્યારે મુંબઇ જઇ પહોચ્યો ત્યારે તો તેઓ હવે પોતાની વિવાહિતાથી જુદો રહેવા લાગ્યો. ખાવું પીવું સુવૂં વગેરે સર્વ ગૌરાંગદેવીનીજ તહેનાતમાં હતું. જેના લીધે સુંદરગૌરી એ વાતથી દુઃખ પામતી હતી અને એ વાત તેણીના માતતાતના જાણવામાં આવતાં તેણીને તે સંબંધી ખુલાસો અગર ખરચી માટે જોઇતાં નાણાં ગ્રહણ કરવા પૂછવામાં આવેલ છતાં તેણીએ પતિની સ્વચ્છંદતાના સંબંધથી કથનીય પડતા કષ્ટ પ્રબંધની વાર્તા હોઠપર પણ આવવા દીધી નહીં. તેણી તો પોતાનાં બાલબચ્ચાંને સંભાળી, ભરત ગુંથણ શીવણ કરી પોતાના બાળકોનાં અને પતિનાં કપડાં ગલોબંધાદિ તૈયાર કરી આનંદમાં દિવસ ગુજારતી હતી. સુંદરગૌરી આજકાલની અર્ધદગ્ધ કેળવણી પામેલી સ્ત્રી પૈકીની ન હતી કે જે પતિના દોષ તરફ દષ્ટિ કરી વિફરેલી વાઘણની પેઠે ધામધૂમ મચાવી પતિની ફજેતી લુંટાવે. તેણીએ તો પૂર્ણ શુદ્ધ કેળવણી મેળવેલી હતી જેથી પોતાનું કર્ત્તવ્ય શું છે ? અને ગૃહસ્થપણાની ખાનદાની શામાં સમાયલી છે? તે સંબંધીની તેણીએ પૂર્ણ તાલીમ લીધી હતી, જેથી પતીની વાત

જરા પણ જાહેરમાં આવવા દીધી નહી. તેમ પતિને કબ્જે લેવા કેશા પણ કાયદાના રસ્તા શોધ્યા ન હતા. એતો ફક્ત એજ શોધતી હતી કે જેમ બને તેમ મારા પતી ફેશનના પૂજારી થવું છોડી દે અને સુત્ય સુધારાને પંથે પરવરી ઉભય જન્મ સફળ થવાના અધિકારી થાય એજ વિચારણાથી ઇશ્વરના સ્તવન પૂજનમાં જોઇતો વખત લેખે લાવી બાકીનો ગોગ્ય કામોમાં વિતાવતી પતિનું શ્રેય ચાહતી હતી.

પતિદેવ તો કેટલીક વખત લોક લજ્જાના લીધે ઘરપર આવતા તો જરાવાર રોકાઇ મતલબ જેટલી વાત પૂછી કે ગમે તે વાતે વાંધો પાડી બેચાર ગાળો કે એક બે સોટીઓની પ્રસાદી આપી પાછા મનમાનીતીને મહેલેજ પધારતા હતા; તથાપિ તે સર્વ કષ્ટને પતિ–દર્શન થવાને લીધે સુખરૂપ માનતી હતી, એકંદર રીતે–સર્વ રીતે પત્નિને પતિયે તંગ કરી હતી છતાં પણ સુધરેલી અરે સાચેસાચી સુધરેલી સુંદરગૌરીએ પોતાની કસોટીમાં સો ટચના સોનાનોજ કસ બતાવ્યો હતો અને તેનો કસ બતાવી તેણીએ પોતાનું સાચું સુધરેલપણું સાબિત કર્યું હતું કે જેથી આજે આપણને તેણીનું ઉદાહરણ આપવાનો સમય રજુ થઇ રહેલ છે; પરંતુ તે બધી બિના સ્થળ સંકોચના લીધે આ પ્રથમ ભાગમાં ન દર્શાવતાં બીજા પ્રકરણમાં અવશ્ય દર્શાવીશ. તો પણ એટલું તો જરૂર જાહેર કરીશ કે તેણીનાપર પતિએ એટલો બધો જુલ્મ ગુજારવા માંડયો હતો, કે ફક્ત એક દુ:ખનું માથાપર ઝાડ ઉગે તેટલી નિશાનીજ બાકી રહી હતી, તેમ તેની સુસ્તી ઉડાવવા પોતાના શ્રીમાન અને વગવસીલાદાર માબાપે એકવાર નહી પણ પાંચ પચાસવાર બિના રજુ કરી; તથાપિ તેણીએ પતિ તર-

ક્રૂથી કશી તકલીફજ નથી અને એમના તરફ નાહક વ્હેમ લાવી કંઇ પણ આડાંઅવળાં પગલાં ભરો તો મને મુઇ દેખો વગેરે કટ્ટા સોગંદ આપી તેમને શાંત કર્યા કરતી હતી. પરંતુ ગૌરાંગદેવીના પ્રેમમદિરામાં મસ્ત બનેલ ફતેહલાલે તો આડોઆંક વાળવા માંડયો.

એટલે કે, નવી સ્ત્રીના રંગમાં રસબસ થવાથી શરાબમાં ચકચૂર રહેવા લાગ્યો. હૉટલના કનિષ્ટ ખાણાપર હમેશાં ગુજર ચલાવા લાગ્યો, અને વિષયાંધતાને લીધે શરીરનું સત્યાનાશ વાળવા લાગ્યો. જેથી ગાલની લાલી, આંખની ખુમારી, શરીરની હૃષ્ટપુષ્ટતા અને શક્તિ આદિ કૂચ કરી ગયાં હતાં. કામકાજમાં ચિત્ત અસ્વસ્થ રહેતાં ઉપરીના ઓલંભા વેઠવા પડતા હતા, બેંકમાં હજારો રૂપિયા પોતાના નામના જમા હતા તેને બદલે હવે હજારો પાછયો જમે હોવાનો વખત આવી લાગ્યો હતો. પ્રથમ જે ખર્ચ પુસ્તકો આદિ ખરીદવામાં થતું હતું તે હવે અંગવસ્ત્રની તબીયત અને ફરમાન બજાવવામાંજ થતું હતું. સ્થાવર જંગમ મિલકતમાં હવે પોતાની પાસે જે થોડાક દાગીના હતા તે શિવાય બીજું કશું રહેવા દીધું ન હતું. આઠ દશ માસથી સુંદરગૌરીને ખર્ચ પણ મોકલી શકાયું ન હતું અને નવીન ખર્ચ તો થયેજ જતું હતું જેથી મુંઝવણનો પાર ન હતો; તથાપિ તે દુઃખોની જરાપણ દરકાર ન રાખતાં તે સર્વને સુખરૂપ માનતો હતો અને આનંદના લીધે ઇંદ્રાસન ડોલવાથી મજા લૂટી રહ્યો હતો.

પતિ આ પ્રમાણે મજા લૂંટી રહ્યો હતો; પણ પત્નિ તો બિચારી પરમદુખાવસ્થાને વશ થઇ ગઇ હતી; કેમકે પતિએ પૈસા દાગીના ને અન્ય ઇસ્કામતને બરબાદ કરી દીધી. આઠ દશ દિવસે ઘેર મ્હોં બતાવા આવતા હતા તે પણ હવે તેમનાં દર્શન દેવને

પણ દુર્લભ થઇ પડયાં હતાં. પૈસાની તંગીને લીધે પાસેનાં નોકર ચાકર પણ જતાં રહ્યાં હતાં, અને ઘરનાં વાસણ કુસણ વેચી પોતાનો ગુજારો ચલવતી હતી. જો કે પિતા શ્રીમંત હતો; પણ આ વાત જાહેરમાં લાવવાથી અનર્થ નિપજે તેમ હતું જેથી પોતાના દુઃખદાવાનળને મનભવનમાંજ દબાવી રાખવાને લીધે દિલને કયાંએ ખાલી કરી શકતી નહતી. આમ હોવાને લીધે તેણીને અપાર કષ્ટ હતું; છતાં પોતાના નાન્હા બાલુડાનો બાલ ખ્યાલ નિહાળતાં પોતાના દુઃખનો વિસારો થતો હતો. તેણીની પાસે હવે સૌભાગ્ય ચિન્હ જેટલા દાગીના તથા એક મકાન હતું; તોપણ તે મકાન વેચી શકતી ન હતી; કેમકે એક તો પતિની રજા વિના તેમ કરવું એ નાલાયક હતું, તેમજ પતિની આબરૂને ખલેલ પહોચતી હતી અને કોક દિવસ પણ સુધરવાથી અહી આવતાં દર્શનનો લાભ મળે છે તે બીજે રહેવાથી મળશે નહીં વગેરે વગેરે કારણોને લીધે તે બિચારી ગૃહસ્થ છતાં દુઃખ ગ્રસ્ત બની પતિમાં પ્રભુ સુ મતિ પ્રેરવાની દયા કરે તે માટે વારંવાર પ્રાર્થના કરી ઉપાલંભ પણ દેતી હતી કેઃ—

## ( વિમળા નવ કરશો ઉચાટ કે—એ રાહ. )

કહાવી દયાનિધિ લવ દયા નથી કેમ લાવતારે ?!
ફોકટ પ્રજા પીડવા ફંદ રચ્યો દિલ ફાવતારે. કહાવી.
હર્તા થઇ હરકત નથી હરતા, કર્તા થઈ સુખિયાં નથી કરતા;
ભર્ત્તા થઇ નથી ભરતા મુદ મન ભાવતારે. કહા. ૧
પ્રજા કજાની સજાજ પામે, આપ મજામાં અહનિશ જામે;

એ કેવી કહેવાએ દીનદયાળતારે !? કહા. ૨
નાસ્તિક પાપીનેજ નડો નહી, આસ્તિક ધર્મીને કનડો સહી;
સત્યસંધ થઇ આપો એવી સ્હાયતારે !? કહા. ૩
અશરણશરણ કૃપાના સાગર, વિભુ મુકુંદ બેલી વિશ્વંભર;
બિરૂદતણો કેમ અમલજ નથી બજાવતારે !? કહા. ૪
બાનાની પત રાખો બેલી, અધિક કહું શું પોત ઉકેલી;
વિહવળ થઈ કિમ કુંદનપુર પહોચ્યા હતારે !! કહા. ૫
પૂરણ પીડામાંહે પચાવી, અંતે બ્હાર કરોછો આવીઃ
બેલી થઇ પહેલાં કેમ નથી બચાવતારે ?! કહા. ૬
વેગે વિપતિ વિયોગ વિડારો, પ્રેમે પ્રેમી પાસ પધારો;
પૂર્ણ—શશિ સમ શીતલતા પ્રસરાવતારે. કહા. ૭

હે અનાથના નાથ ! હવે તો છેલ્લે ક્યારે પાણી પહોંચ્યું છે. જો ઉગારવા બ્હાર કરશો તો ઠીક છે; નહી તો હું પતિભકતા મારા જાનનો ભોગ આપવા પર તૈયાર થઇશ; પરંતુ પતિની ફ-જેતી લૂટાવીશ નહી. તથાપિ મારી ખરી દાદનો નાદ આપ હજૂર આવીનેજ કરવા ચિંતવીશ; માટે મારા પતિના અંતરમાં એ સુમતિ આપો કે—

## ( ભેરવી ઠુમરી. )

ભર ડગલું ન એક સમજી રહે દૂર, ભર.
પરનારીપર કર ન નજર, કેમ થાય મૂર્ખ તું વિષય ભરપુર. ભર.
નાર જે પરાઇ જાણ, આગની ચિતા સમાન;
તન મન બાળે, જન ધન ટાળે, મરે અકાળે કાં નાદાન.
કાં તું અંધ થાય; નરકમાં તું કાં ફસાય. ડગલું. ૧

વ્હાલા વાંચનાર ! આ પ્રમાણે સુધરેલી સુંદરગૌરી ઇશ્વરને અર્જ ગુજારતી દિન વ્યતીત કરતી હતી. હવે ફતેહલાલ કે જે ફેશનમાં ફસાવાથી દુર્દશાને ભેટતો જતો હતો તેની શી વલે થઈ તેનો જરા ઇસારો જાણવા તે તરફ ધ્યાન આપવા કૃપા કરશોજ. તેણે પૈસા ઇજ્જત ગુમાવી—પરકિયાનો ગુલામ બની—મેથીપાકનો સ્વાદ ચાખી—પરક્રિયાથી અપમાન અને ધક્કા ખાઇ—પાછો પત્નીના ઉપકાર આભારથી જાન આબરૂ સંભાળ્યા પછી સાચા સુમારા પર આવ્યો; પણ એ બધું બીજા ભાગમાંજ અવલોકન કરાવવામાં આવશે. અત્રે તો માત્ર એટલુંજ કહેવું બસ માની પ્રથમ ભાગ પૂર્ણ કરીશ કેઃ—

( મોહી રહ્યો‌ણું મંદ હાસ્યમાં—એ રાહ. )

ફેશન વિષે ન ફસાશો ઓ હિંદવાસી ફેશન વિષે ન ફસાશો. ૧
હદથી વિશેષ જો તેમાં ફસાશો તો, પૂરેપુરા પસ્તાશો. ૨
જગતનિંદાથી જાહેરજ થાતાં, ખત્તા ખરેખર ખાશો. ઓ. ૩
નવું તે તો નવ દાહડાજ છાજશે, માટે ન લેશ લલચાશો. ઓ. ૪
ભોગીલાલ કહે તજો ભ્રમણા ફેશનની, એથી અતિ સુખી થાશો. ઓ. ૫

**પ્રથમ ભાગ સમાપ્ત.**